Gujarati/English

પાઈડ પાઈપર

The Pied Piper



Henriette Barkow
Roland Dry

Waltham Forest Public Libraries

PS168

Please return this item by the last date stamped. The loan may be renewed unless required by another reader.

LEYTONSTONE LIBRARY
CHURCH LANE,
LEYTONSTONE,
E11 1HG.

Feb 04			

WALTHAM FOREST LIBRARIES

024 743 869

For Tina - H.B.

For my family and friends - R.D.

First published 2002 by Mantra
5 Alexandra Grove, London N12 8NU
www.mantralingua.com

Text & illustrations copyright © 2002 Mantra Lingua
All rights reserved

British Library Cataloguing in Publication Data:
a catalogue record for this book is available
from the British Library.

પાઈડ પાઈપર

The Pied Piper

retold by Henriette Barkow
illustrated by Roland Dry

Gujarati translation by Pratima Dave

WALTHAM FOREST
PUBLIC LIBRARIES
024743869
PT 10-Feb-03
JF £7.50

mantra

કેટલાંક લોકોનું માનવું છે કે આ વાર્તા સાચી છે, તો કેટલાંકનું માનવું છે કે તે સાચી નથી. વાર્તા ભલે સાચી હોય કે ન હોય, પણ હું તમને તે કહીશ.

કેટલાય વર્ષો પહેલાં હેમલિન નામનું એક નાનું સરખું શહેર હતું. આ શહેરમાં મારાં અને તમારા જેવાં સાવ સામાન્ય લોકો રહેતાં હતાં.

એક વખત આ શહેર પર હજારો ઉંદરોએ આક્રમણ કર્યું, મોટાં ઉંદરો અને નાનાં ઉંદરો, તગડા ઉંદરો અને પાતળાં ઉંદરો. તમે જ્યાં જૂઓ ત્યાં બસ ઉંદરો અને ઉંદરો જ દેખાતાં હતાં!

Some people believe this story is true, and others that it is not. But either way this story I will tell to you.

Many years ago, in the days of old, there was a town called Hamelin. It was an ordinary town, with ordinary people just like you and me.

One year the town had an invasion of RATS. There were big rats and small rats, fat rats and thin rats. Wherever you looked there were RATS!

તમે કલ્પના કરી શકો છો તેમ આ શહેરનાં લોકો તો ઉંદરોનાં આ આક્રમણથી સાવ મૂંઝાઇ જ ગયાં. તેઓ બધાં ટાઉનહોલ દોડીને પહોચ્યાં અને મેયરને કહયું કે તમે આ ઉંદરોનું કાંઇક કરો.

"તમે મારી પાસેથી શું કરવાની આશા રાખો છો?" મેયરે બૂમ પાડી "હું કાંઇ ઉંદર પકડનાર નથી!"



As you can imagine, the people of the town were very upset. They stormed to the town hall and demanded that the mayor do something.

"What do you expect me to do?" he shouted. "I'm not a rat catcher!"

એજ વખતે એક અજાણ્યો માણસ શહેરમાં આવતો દેખાયો, તેણે ખૂબ જ વિચિત્ર કપડાં પહેરેલાં હતાં અને તેનાં હાથમાં એક લાંબી વાંસળી હતી. અજાણ્યાં લોકોની સામે જેમ લોકો જૂએ છે તેવી જ રીતે આ શહેરનાં ભેગાં થઈ ગયેલાં ટોળાંએ પણ તેની સામે જોયું, પણ તેનાથી તે માણસને કોઈ જ અસર ન થઈ.

At that very moment a stranger appeared, wearing the most unusual clothes and holding a pipe in his hand. The crowd stared at the stranger, the way that people often stare at strangers, but that didn't bother him.

અજાણ્યો માણસ સીધો જ મેયર પાસે ગયો અને પોતાની ઓળખાણ આપી. “લોકો મને પાઈડ પાઈપર તરીકે ઓળખે છે અને જો તમે મને સોનાના વીસ સિક્કા આપો તો હું તમારા બધાં ઉંદરોને ભગાડી દઉં.”

આ સાંભળીને તો મેયરનાં કાનમાં મીઠા સંગીતની ઘંટડી રણકવા લાગી. “જો તું કહે છે તેવું જ ખરેખર કરી બતાવીશ તો તને સોનાનાં સિક્કા આપતાં મારાથી વધુ ખુશ બીજું કોઈ નહીં થાય” મેયરે જવાબ આપ્યો.

The stranger walked straight up to the mayor and introduced himself. "They call me the Pied Piper and if you pay me twenty pieces of gold I will take all your rats away."

Well this was music to the mayor's ears. "If you can truly do what you say, I shall be more than happy to pay you," he replied.

શહેરનાં લોકો રાહ જોઈને જોવાં લાગ્યાં કે આ પાઈડ પાઈપર કહે છે શું. શું આ માણસ ખરેખર આપણને સૌને મોટાં ઉંદરો અને નાનાં ઉંદરો, જુવાન ઉંદરો અને ઘરડાં ઉંદરો એમ બધાં ઉંદરોથી છુટકારો અપાવશે?

The town's people waited and watched. Could this so called Pied Piper really get rid of all the rats - the big rats and the small rats, the young rats and the old rats?

પાઈડ પાઈપરે ધીમેથી તેની વાંસળી વગાડવાની શરૂ કરી અને કોઈનેય માન્યામાં ન આવે તેવું બન્યું. શહેરનાં દરેક ખૂણે -ખાંચરેથી અને નાની - મોટી દરેક તિરાડોમાંથી ઉંદરો બહાર નીકળી - નીકળીને શેરીમાં ભેગાં થવાં લાગ્યાં અને પાઈડ પાઈપરનાં સંગીતનાં જાદુથી મંત્રમુગ્ધ થઈને પાઈપરની પાછળ પાછળ જવા લાગ્યાં.

The Pied Piper slowly started to play his pipe and an unbelievable thing happened. From every nook and cranny the rats poured out onto the street, and under the spell of the music, they followed the piper.

તેઓ હેમલિન શહેરમાંથી બહાર નીકળીને વીઝર નદી સુધી પાઈડ પાઈપરની પાછળ પાછળ પહોંચ્યાં. અહિં આવીને પાઈડ પાઈપરે તેનાં સંગીતની ધૂન બદલી નાખી અને કોઈનાં શોકમાં બધાં રડતાં હોય તેવું કરૂણ સંગીત વગાડવાનું શરૂ કર્યું અને બધાં ઉંદરોએ આ આક્રંદવાળું સંગીત સાંભળીને નદીનાં બરફ જેવાં ઠંડા પાણીમાં એકી સાથે ભૂસકો માર્યો અને બધાં ઉંદરો ડૂબી ગયાં.

They followed him out of Hamelin town to the river Weser. Here, the Pied Piper changed his tune and with a mournful wailing, the rats threw themselves into the icy water and drowned.

હવે હેમલિનનો મેયર તો હતો મહા કંજૂસ અને એ તો પેલાં અજાણ્યાં માણસને કાંઈ પૈસા આપવાનો હતો નહીં. જ્યારે પાઈડ પાઈપરે પાછાં આવીને પોતાનાં સિક્કાની માંગણી કરી ત્યારે મેયર ખડખડાટ હસ્યો અને પોતાનું માથું ધૂણાવ્યું. “હવે ઉંદરો તો બધાં ચાલ્યાં ગયાં છે ત્યારે મારે તને શા માટે કાંઈપણ આપવું જોઈએ?” તે ગુસ્સાથી તાડૂક્યો.

Now the mayor of Hamelin was a greedy man, and he wasn't going to give any money to a stranger. When the Pied Piper came and demanded his pieces of gold the mayor laughed and shook his head. "Now that the rats are gone why should I give you anything?" he snarled.

લોકો તો ઊભાં રહીને બસ સાંભળતા જ રહ્યાં. તેઓમાંથી કોઈએ પાઈપરનો પક્ષ ન લીધો; તેમને ખબર હતી કે મેયર સાવ ખોટો છે છતાં પણ તેઓ એક શબ્દ પણ ન બોલ્યાં.

The people stood and listened. They didn't stand up for the piper, even though they knew that their mayor was wrong. They didn't say a word.

“ફરી એક વાર વિચારી જૂઓ, મેયરભાઈ” પાઈપરે ચેતવણી આપી. “જો તમે મને મારાં સોનાનાં સિક્કા નહીં આપો તો પછી તમને કલ્પના પણ ન આવી શકે તેટલું બધું દુઃખ હું આ શહેરને આપીશ.”

મેયરને થયું કે ઉંદરોના ત્રાસથી વધુ ખરાબ બીજું તો શું થઈ શકવાનું હતું તેણે તાડૂકીને બૂમ પાડીઃ “હું તને એક પૈસો પણ નહીં આપું!”

“Think again, mayor!” the piper warned. “If you don’t pay, then I will make this town suffer more than you can ever imagine.”

Well the mayor couldn’t think of anything worse than the rats and so he stomped off shouting:
“I WILL NEVER PAY YOU!”

એ જ દિવસે બપોરનાં, લોકો જ્યારે ઉંદરોએ કોતરી ખાધેલી વસ્તુઓને ફરી ઠીકઠાક કરતાં હતાં ત્યારે, પાઇડ પાઇપર શહેરનાં ચોકમાં આવીને ઊભો રહ્યો. તેણે ધીમેથી વાંસળી પોતાનાં હોઠ પર મૂકી અને સંગીતની એક એવી ધૂન વગાડવાની શરૂ કરી કે જેનું વાર્ણન કોઇ શબ્દોમાં ન થઇ શકે.

That very afternoon, while the people were busy repairing their town, the Pied Piper stood in the town square. Slowly he lifted the pipe to his lips, and played a tune that no words could describe.

સંગીતની ધૂનનાં દરેક નવાં સૂર પર શહેરમાંથી એક પછી એક એમ બધાં બાળકો બહાર નીકળવાં લાગ્યાં અને સંગીતની ધૂન પર નાચવા લાગ્યાં અને તેની સાથે ગીતો ગાવા લાગ્યાં.

With each new note more and more children appeared, and danced and sang to the music.

પાઈડ પાઈપર પાછળ ફર્યો અને વાંસળી વગાડતો વગાડતો શહેરની બહાર જવા ચાલવા લાગ્યો અને બધાં બાળકો સંગીતની ધૂનમાં મંત્રમુગ્ધ થઈને તેની પાછળ પાછળ ચાલવા લાગ્યાં.

The Pied Piper turned and walked out of the town playing his pipe and all the children followed, caught under the spell of his music.

શહેરની બહાર એક ટેકરી પર તેઓ સંગીતની ધૂનની સાથે નાચતાં નાચતાં અને ગાતાં ગાતાં ચઢવા લાગ્યા. જ્યારે ટેકરીની ટોચ ઉપર બીજે ક્યાંય આગળ જવાય તેવું નહોતું ત્યારે ટેકરીની બાજુએથી એક દરવાજો ખૂલ્યો.

Up the hill they danced and sang to the rhythm of the tune. When it looked like they could go no further, a door opened before them.

એક પછી એક એમ બધાં બાળકો, પાઈડ પાઈપરની પાછળ ટેકરીની વચ્ચે કાયમ માટે અદૃશ્ય થઈ ગયાં. પણ તેમાંથી એક બાળક પાછળ રહી ગયું હતું કારણ કે તે બીજાં બાળકોની સાથે સાથે ચાલી શક્યું નહોતું.

One by one the children followed the Pied Piper into the heart of the hill forever. All except one, who could not keep up with the others.

જ્યારે આ નાનું બાળક શહેરમાં પાછું ફર્યું ત્યારે શહેર પર તો જાણે કે આભ જ તૂટી પડ્યું. તેણે જે કાંઇ કહ્યું તેને લોકો માની જ ન શક્યા અને તેની સામે બાઘા થઈને જોતાં જ રહ્યાં. તેઓ પોતાનાં બાળકોને બૂમો પાડી પાડીને અને રોકકળ કરી કરીને પાછાં બોલાવવા લાગ્યાં પણ તેઓનાં બાળકો ફરી પાછા તેઓને ક્યારેય પણ ન દેખાયાં.

When the little boy returned to the town it was as if a spell had been broken. The people stared at him in disbelief when he told them what had happened. They called and cried for their children, but they never saw them again.

Key Words

town	શહેર
people	લોકો
rats	ઉંદરો
town hall	ટાઉનહોલ
mayor	મેયર
rat catcher	ઉંદર પકડનાર વ્યક્તિ
stranger	અજાણ્યો માણસ
clothes	કપડાં
pipe	વાંસળી
crowd	ટોળું
pied piper	પાઈડ પાઈપર
twenty	વીસ
pieces of gold	સોનાનાં સિક્કા

મુખ્ય શબ્દો

music	સંગીત
playing	સંગીત વગાડવું
river	નદી
greedy	મહાકંજૂસ
money	પૈસા
suffer	દુઃખ આપવું
children	બાળકો
danced	નાચવું
sang	ગીતો ગાવા
rhythm	લય
tune	સંગીતની ધૂન
hill	ટેકરી
spell	જાદુ

પાઈડ પાઈપરની આ દંતકથાનો ઉદ્ભવ જર્મનીનાં હેમલિન શહેરમાં બનેલાં બનાવો પરથી થયો છે. આ વાર્તાનો સમય 1284 નાં વર્ષનો છે.

જો તમે આ વિશે વધુ કાંઈ જાણવા માંગતા હો તો હેમલિન શહેરની પોતાની એક સરસ મજાની વેબસાઈટ ઈંગ્લિશમાં છેઃ http://www.hameln.com/englis

The legend of the Pied Piper originates from events that took place in the town of Hameln in Germany. The story dates back to 1284.

If you would like more information the town of Hameln has an excellent website in English: http://www.hameln.com/englis

If you've enjoyed this bilingual story in Gujarati & English look out for other Mantra titles in Gujarati & English

Folk stories in Mantra's World Tales Series

Buri and the Marrow- an Indian folk story
Buri and the Marrow- an Indian folk story
Buskers of Bremen - adapted from the Brothers Grimm
Don't Cry Sly - adapted from Aesop's Fables
Dragon's Tears - a Chinese folk story
The Giant Turnip - a Russian folk story
Goldilocks and the Three Bears
Jack and the Beanstalk - an English folk story
Not Again Red Riding Hood
The Pied Piper - a German legend
Three Billy Goats Gruff - a Scandinavian folk story

Myths and Legends in Mantra's World Heritage Series

Beowulf - an Anglo Saxon Epic
The Children of Lir - a Celtic Myth
Hanuman's Challenge - an Indian Myth
Pandora's Box - a Greek Myth

Mantra's Contemporary Story Series

Alfie's Angels
Flash Bang Wheee!
Lima's Red Hot Chilli
Mei Ling's Hiccups
Sam's First Day
Samira's Eid
The Swirling Hijaab
That's My Mum
The Wibbly Wobbly Tooth

Mantra's Classic Story Series

Handa's Surprise
Splash!
The Very Hungry Caterpillar
Walking Through the Jungle
We're going on a Bear Hunt
What shall we do with the Boo Hoo Baby?

Many of the above books are also available on audio CD. To see the full range of Mantra's resources do visit our website at www.mantralingua.com

There were big rats and small rats, young rats and old rats, there were rats everywhere! What could the poor people of Hamelin do? Enter a mysterious stranger...

A sensitive retelling of the famous Pied Piper legend which raises many issues as well as inspiring music and drama.

The Pied Piper is available in 22 different language editions: English with Albanian, Arabic, Bengali, Chinese, Czech, Farsi, French, German, Gujarati, Hindi, Italian, Panjabi, Polish, Portuguese, Russian, Serbo-Croatian, Somali, Spanish, Tamil, Turkish, Urdu or Vietnamese. The Pied Piper is also available on audio CD and in a Big Book format.

Other stories in Mantra's Folk Tales Series include
Buri and the Marrow, Buskers of Bremen,
Don't Cry Sly!, Dragon's Tears, Giant Turnip,
Not Again, Red Riding Hood!,
The Three Billy Goats Gruff

Gujarati & English
isbn 1 85269 955 8

9 781852 699550

KO-204-913

£7.50

mantra